CS/11 19/c



**ગુજરાત સરકાર**

ઠરાવ ક્રમાંક: ATS/10/2013/90/SB -V

ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

**તા. 6 /8/2014**

**વંચાણે લીધા :** 1) તા. ૬/૨/૨૦૧૩ની આઈટી બેઠકની કાર્યવાહી નોંધ–

2) વિજ્ઞાન અને પ્રૌદ્યોગીકી વિભાગની ફાઈલ ક્રમાંક:SDC/10/2013/414933/IT

3) ગૃહ વિભાગના તા. 3/3/2014ના સમાનાંકી ઠરાવ

4) GIPL ના તા.૩૦/૭/૨૦૧૪ નો પત્ર

**આમુખ:**

ગૃહવિભાગ દ્વારા સાયબર સુરક્ષા કવચ અંગે ક્રમ(1) અને ક્રમ(2) ને વંચાણે લઈ ક્રમ(3)ના ઠરાવથી આદેશો બહાર પાડવામાં આવેલ હતા. ત્યારબાદ ક્રમ(4)ના તા.૩૦/૭/૨૦૧૪ ના પત્રથી GIPL અને શ્રી નીરજ ગેમાવત, CMD ગેટ વે ટેકનોલોજી લેબ્સ દ્વારા તા.૩/૩/૨૦૧૪ ના ઠરાવમાં અમુક ફેરફારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. આથી પુખ્ત વિચારણાને અંતે સાયબર સુરક્ષા કવચના તા. 3/3/2014ના મુળ ઠરાવમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

**સુધારા ઠરાવ :–**

- સાયબર સુરક્ષા કવચ GNFC ટાવર, એસજી.રોડ અમદાવાદને બદલે હવે 4, આર્યન કોર્પોરેટ પાર્ક, થલતેજ, અમદાવાદ ખાતે કાર્યરત થશે.
- ટેકનોલોજી ટીમ (CSK) નું ગઠન કરનાર કમિટીનું બંધારણ નીચે મુજબ રહેશે.
  - ➔ શ્રી મનોજ શશીધર, આઈ.પી.એસ., સંયુકત પોલીસ કમિશંરશ્રી, સેક્ટર–2, અમદાવાદ શહેર.
  - ➔ શ્રી નિરજ ગેમાવત (ગૃહ વિભાગના એડવાઈઝર ઓન સાયબર સીક્યુરીટી)
  - ➔ શ્રી વી.કે. શર્મા, ( મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, GIPL).
- શ્રી મનોજ શશીધર, આઈ.પી.એસ., સંયુક્ત પોલીસ કમિશંરશ્રી, સેક્ટર–2, અમદાવાદ શહેરને સાયબર સુરક્ષા કવચના CEO તરીકે નિમણુંક આપવામાં આવે છે. CSK અંતર્ગત તમામ પ્રવૃતિઓ તેઓના વડપણ નીચે કરવાની રહેશે.
- GIPL એ આ પ્રોજેક્ટના વ્યવસ્થાપક/કન્સલ્ટન્ટ તરીકે કામગીરી કરવાની રહેશે. આથી વધારાના વહીવટી સ્ટાફની જે કોઈ જરૂર પડે તે GIPL એ પોતાના આંતરીક સ્ટાફમાંથી વ્યવસ્થા કરવાની રહેશે.
- ટેકનોલોજી ટીમના કયા સભ્યોને સ્પેશ્યલ પોલીસ ઓફીસરનું સ્ટેટસ આપવું તે અંગે નિયમોનુસારનો નિર્ણય શ્રી મનોજ શશીધર, પોલીસ કમિશંરશ્રી, સેક્ટર–2, અમદાવાદ શહેર અને CEO, CSK દ્વારા લેવાનો રહેશે.
- ટેકનીકલ ટીમના જે સભ્યોનીપસંદગી CSK પ્રોજેક્ટમાં કરવામાં આવે તે અંગે તમામની બોલીઓ અને શરતો, બાયોડેટા સહીત GIPL મારફત એકસાથે ગૃહ વિભાગને રજુ કરવાની રહેશે. જેને આઈટી કમિટીની મંજુરી માટે રજુ કરવામાં આવશે.આ મંજુરી મળ્યા બાદ જ ટેકનીકલ ટીમના સભ્યોની નિમણુંક કરવાની રહેશે.

આ સિવાય અન્ય બાબતો વંચાણે લીધેલ ક્રમ(૩)ના સમાનાંકી ઠરાવથી નક્કી કરવામાં આવ્યા મુજબ જ રહેશે.

આ હુકમો સમાનાંકી ફાઈલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) દ્વારા તા. 2/8/2014ના રોજ આપવામાં આવેલ મંજૂરીને ધ્યાને લઇને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(નિખિલ ભટ્ટ)**
સંયુક્ત સચિવ અને સી.આઈ.ઓ.
ગૃહ વિભાગ.

નકલ રવાના:–

- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

CS/13

17/c

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(એટીએસ) અમદાવાદ.
- સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકિ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ચેરમેન કમ મેનેજીંગ ડાયરેક્ટર, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી., ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (કા. અને વ્ય.), ગૃહ વિભાગ, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી એ.ટી.એસ., અમદાવાદ.
- નાયબ સચિવશ્રી(મહેકમ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(આઇ.ટી.),વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- શ્રી નિરજ ગેમાવત, સાયબર ક્રાઇમ સ્પેશીયાલીસ્ટ અને ગૃહ વિભાગના એડવાઈઝર.
- શ્રી વી.કે. શર્મા, મેનેજીંગ ડાયરેક્ટર, GIPL. ગાંધીનગર.
- ઉપસચિવશ્રી(કા. અને વ્ય. ) ગૃહ વિભાગ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, અમદાવાદ / ગાંધીનગર.
- ગૃહ વિભાગની ક, આર તથા વિશેષ શાખા
- સિલેક્ટ ફાઇલ